# Shri Govind Guru University, Godhra
(Established Vide Gujarat Act No. 24/2015)
# શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા
(ગુજરાત એકટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)


એસજીજીયુ/પરીક્ષા/૨૦૧૯/૪૪૯૪૬ તા. ૦૬/૧૧/૨૦૧૯

**પરીપત્ર : ૧૦૧૦**

સંદર્ભ : આ યુનિવર્સિટીનો તા.૦૧/૧૦/૨૦૧૯ નો પરિપત્ર-૯૮૨

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી સંલગ્ન વિજ્ઞાન, વાણિજ્ય, વિનયન, કાયદા અને શિક્ષણ વિધાશાખાની સ્નાતક અને અનુસ્નાતક કક્ષાની કોલેજો/માન્ય પી.જી. કેન્દ્રોના આચાર્યશ્રીઓ/પ્રોફેસર ઈન્ચાર્જશ્રીઓને જણાવવાનું કે, ઉપરોક્ત સંદર્ભ દર્શિત પરિપત્રથી શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી દ્વારા ઓક્ટોબર/નવેમ્બર-૨૦૧૯ માં લેવાનાર સ્નાતક કક્ષાની સેમેસ્ટર-૧-૩-૫ અને અનુસ્નાતક કક્ષાની સેમેસ્ટર-૧-૩ ની વિવિધ પરીક્ષાઓનું સુચારુ આયોજન અને સંચાલન થઇ શકે તે હેતુથી સબ સેન્ટર જાહેર કરવામાં આવેલ હતા જેમાં નવેમ્બર-૨૦૧૯ માં લેવાનાર પરીક્ષાઓ માટે વહીવટી કારણોસર ફેરફાર કરી હવે પછી નીચે દર્શાવ્યા અનુસારની કોલેજોને તેના નામ સામે દર્શાવેલ વિસ્તાર મુજબ સબ સેન્ટર તરીકે જાહેર કરવામાં આવે છે.

| ક્રમ | સબ સેન્ટરનું નામ | વિસ્તાર | કો-ઓર્ડીનેટરનું નામ |
|---|---|---|---|
| ૧ | શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી, ગોધરા | ગોધરા, કાલોલ, હાલોલ, શહેરા, કાંકણપુર, સીમલીયા, અણીયાદ, વાંટાવછોડા, દેવગઢબારિયા, ધાનપુર, કોઠંબા, વાઘજીપુર, મોરવા હડફ, શામળદેવી, બેઢીયા | કુલસચિવશ્રી, શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી, ગોધરા. |
| ૨ | શ્રી પી. એન. પંડ્યા આર્ટસ, એમ. પી. પંડ્યા સાયન્સ એન્ડ ડી. પી. પંડ્યા કોમર્સ કોલેજ, લુણાવાડા. | લુણાવાડા, માલવણ, મુનપુર, સંતરામપુર, સુખસર, વીરપુર સાલાવાડા | પ્રો. એ. બી. પંડ્યા, શ્રી પી.એન. પંડ્યા આર્ટસ, એમ.પી. પંડ્યા સાયન્સ એન્ડ ડી.પી. પંડ્યા કોમર્સ કોલેજ, લુણાવાડા. |
| ૩ | નવજીવન આર્ટસ અને કોમર્સ કોલેજ, દાહોદ. | દાહોદ, નગરાળા, ઝાલોદ, ફતેપુરા, ગરબાડા, લીમખેડા, સિંગવડ | શ્રી ભીખાભાઈ ચૌધરી, કાર્યકારી આચાર્યશ્રી, નવજીવન આર્ટસ અને કોમર્સ કોલેજ, દાહોદ. |
| ૪ | સી.એન.પી.એફ. આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ, ડભોઇ | ડભોઇ, સાધલી, કરજણ | પ્રો. સુનીલભાઈ પટેલ, કા. આચાર્યશ્રી, સી.એન.પી.એફ. આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ, ડભોઇ |
| ૫. | શેઠ ટી.સી. કાપડિયા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, બોડેલી | બોડેલી, સંખેડા, નસવાડી, પાવી-જેતપુર, છોટાઉદેપુર, કવાંટ, જાંબુઘોડા | પ્રો. એચ. એમ. કોરાટ, આચાર્યશ્રી, શેઠ ટી.સી. કાપડિયા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, બોડેલી |

| ક્રમ | સબ સેન્ટરનું નામ | વિસ્તાર | કૉ-ઓર્ડીનેટરનું નામ |
|---|---|---|---|
| ૬ | એસ.કે.યુ.બી. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, પીપળીયા | વડોદરા, પીપળીયા, સાવલી, મુવાલ, છાણી, બાકરોલ, વિરોદ, ખટંબા | પ્રો. શોભનાબેન જૈન, કાર્યકારી આચાર્યશ્રી, એસ.કે.યુ.બી. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, પીપળીયા |
| ૭ | સી.એન્ડ એસ. એચ. દેસાઈ આર્ટસ એન્ડ એલ. કે. એલ. દોશી કોમર્સ કૉલેજ, બાલાસિનોર | બાલાસિનોર, કોયડમ | ડૉ. ડી. પી. માછી, આચાર્યશ્રી, સી.એન્ડ એસ. એચ. દેસાઈ આર્ટસ એન્ડ એલ. કે. એલ. દોશી કોમર્સ કૉલેજ, બાલાસિનોર |

ઉપર દર્શાવેલ સબ સેન્ટરોએ શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીની નવેમ્બર-૨૦૧૯ દરમિયાન યોજાનાર પરીક્ષામાં નીચે મુજબની કામગીરીઓ કરવાની રહેશે.

1. પરીક્ષાના દિવસે યુનિવર્સિટી દ્વારા પહોંચાડવામાં આવતા પ્રશ્નપત્રોના સીલબંધ પેકેટ જે તે પરીક્ષા કેન્દ્ર ખાતે ઓબ્ઝર્વરની સાથે પરીક્ષાના નિયત સમય પહેલા પહોચાડવાના રહેશે.
2. યુનિવર્સિટી દ્વારા મંજુર થયેલ ઓબ્ઝર્વરની યાદી માંથી દરરોજ પરીક્ષા કેન્દ્ર દીઠ ઓબ્ઝર્વર નિયુક્ત કરવા.
3. પરીક્ષા પૂર્ણ થયા બાદ લખાયેલ ઉત્તરવહીઓ તમામ પરીક્ષા કેન્દ્ર ખાતેથી એકત્રિત કરી તે જ દિવસે યુનિવર્સિટી ખાતે પહોંચાડવાની રહેશે.
4. સબ સેન્ટર ખાતે યુનિવર્સિટી દ્વારા પહોંચાડવામાં આવેલ કોરી ઉત્તરવહીઓ તેમજ સપ્લીમેન્ટરીઓના અનામત જથ્થામાંથી ઈમરજન્સી સંજોગોમાં જે તે પરીક્ષા કેન્દ્ર ખાતે કોરી ઉત્તરવહીઓ પહોંચાડવી.
5. યુનિવર્સિટી દ્વારા પરિક્ષા ના સંચાલન સંબંધિત જે કામગીરી સોંપવામાં આવે તે બજાવવી.
6. યુનિવર્સિટી દ્વારા સબ સેન્ટર ખાતે પરીક્ષા કેન્દ્ર વાઈઝ પહોંચાડવામાં આવેલ પ્રશ્નપત્રો પરીક્ષા કેન્દ્ર સુધી પહોંચાડવા તેમજ પરીક્ષા સંબંધિત અન્ય કામગીરીઓ માટે યુનિવર્સિટી દ્વારા નિયત કરવામાં આવેલ ટ્રાન્સપોર્ટ કોન્ટ્રાક્ટર પાસેથી ગાડીઓ મેળવવી.
7. યુનિવર્સિટી દ્વારા ટેન્ડર પ્રક્રિયાથી ટવેરા, તુફાન ફોર્સ, ઈન્ડીકા/વિસ્ટા ગાડીઓ ટ્રાન્સપોર્ટ કોન્ટ્રાક્ટર પાસેથી મેળવવાનું નિયત કરવામાં આવેલ છે.
8. ટ્રાન્સપોર્ટ કોન્ટ્રાક્ટરની વિગત નીચે મુજબ છે.
   રાજન ટ્રાવેલ્સ, અમદાવાદ. C/o શ્રી મયુરભાઈ સોલંકી, મો.નં. ૯૪૨૬૨ ૭૩૦૯૮/૭૦૯૬૬ ૦૩૫૦૫

9. સબ સેન્ટર દ્વારા મોકવવામાં આવેલ ગાડીઓની રીકવીઝીશન સ્લીપ સહી કરવી અને ઉપયોગ થયેલા કિલોમીટર સર્ટિફાઈડ કરવા.
10. સંબંધિત પરીક્ષા કેન્દ્રોને પરીક્ષા સંચાલન માટે ખર્ચ પેટે આપવામાં આવેલ રકમના બીલોના વાઉચર એકત્રિત કરી એક સાથે યુનિવર્સિટી ખાતે પહોંચાતા કરવાની કામગીરી કરવી.
11. આ બાબતે વધુમાં જાણકારી માટે પરીક્ષા સમય દરમિયાન યુનિવર્સિટી ખાતેના કન્ટ્રોલ રૂમ નંબર ૦૨૬૭૨ ૨૫૫૧૦૫ પર ટેલીફોનીક સંપર્ક કરવો.

પરીક્ષા નિયામક
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી,
ગોધરા.

પ્રતિ,
- સંબધિત સબ સેન્ટરોના કૉ-ઓર્ડીનેટરશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂં.

નકલ રવાના:
- આ યુનિવર્સિટી સંલગ્ન વિજ્ઞાન, વાણિજ્ય, વિનયન, શિક્ષણ અને કાયદા વિધાશાખાની કોલેજોના આચાર્યશ્રીઓ તરફ જાણ સારું
- રાજન ટ્રાવેલ્સ, અમદાવાદ. C/o શ્રી મયુરભાઈ સોલંકી તરફ જાણ સારું